dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

June 2016 | For private circulation only | Vol. 08 - Issue 174

તમારામાં નિષ્ઠા છે ? તમે મરણપર્યંત નિ:સ્વાર્થ રહી શકો છો ? તમારામાં પ્રેમભાવના છે ? તો પછી કશી બાબતનો ડર ન રાખો; ખુદ મૃત્યુનો પણ નહિ ! આગળ ધપો, યુવકો ! સમસ્ત જગતને પ્રકાશની જરૂર છે; તેને માટે એ આશાભરી મીટ માડી રહયું છે !

**સ્વામી વિવેકાનંદ**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શ્વેતાશ્વતર ઉપનિષદમાં આવતા એક મહત્વપૂર્ણ શ્લોક તરફ ઘ્યાન ગયું :

ऐको हंस: भुवनस्यास्य मध्ये
स ऐवाग्नि: सलिले संनिविष्ट:।
तमेव विदित्वा अतिमृत्युमेति :
नान्य: पन्था विद्यतेऽपनाय ॥

અર્થાત્ આ બ્રહમાંડમાં તેજોમય તે પરમાત્મા સર્વવ્યાપક છે. તે જ જલમાં અગ્નિ થઈને રહે છે. એ સૌમાં વ્યાપક છે આ સત્ય જાણનાર પરમતત્વને જ પામી લે છે. મૃત્યુથી પર થવાનો અને પરમધામને પામવાનો આના સમાન કોઈ અન્ય સરળ માર્ગ નથી.

ઉપનિષદકાર કહે છે કે ઉપર-નીચે-અંદર-બહાર સર્વત્ર વ્યાપક પરમાત્મા પાણીમાં અગ્નિ થઈને વસ્યા છે. પાણી અને અગ્નિ-બન્ને પરસ્પર વિરોધી ગુણધર્મો ધરાવનારાં તત્વો છે. એ સામાન્ય જનો જાણે છે. કોઈને એમાં વિરોધાભાસ લાગે; પરંતુ વિજ્ઞાન પાણીમાંથી વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરી શકયું. પાણીમાંથી અગ્નિતત્વને છૂટું પાડી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં એને સક્રિય કરી શકાયું. આ વિદ્યુત ઊર્જા-અગ્નિ અથવા જીવન ઊર્જાને જે પામી શકે એ જીવનના આત્યંતિક કલ્યાણનો સીધો અને સચોટ માર્ગ મેળવી લે છે.

ઉપનિષદ પ્રબોઘ્યા અગ્નિનું રૂપક પ્રત્યેક માનવીની ચેતના ઊર્જાને ચીંધનારું છે. પ્રત્યેકની ભીતર એવી દિવ્ય ચેતનાનો અગ્નિ હમેશાં રહયો છે. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે.અબ્દુલ કલામની આત્મકથા "Wings of Fire" 'અગનપંખ' નામે ગુજરાતીમાં અનુવાદિત થઈ છે. એમાં એક વૈજ્ઞાનિકને પોતાનું સેવેલું શ્રેષ્ઠ સપનું સાકાર કરવામાં કેવી મુશ્કેલી પડે છે એનું રસપ્રદ બયાન છે. તેઓ વિકટ ઘટનાઓની આબોહવામાં ઘેરાયેલા હોવા છતાં પોતાની ભીતરની દિવ્ય ચેતનાનો અગ્નિ હમેશાં પ્રજવલિત રાખીને સફળતાનાં શિખરો સર કરી શકયા. એમણે નોંઘ્યું છે:

"આપણે બધા આપણામાં દિવ્ય અગ્નિ સાથે જ જન્મ્યા છીએ. આપણો પ્રયાસ આ અગ્નિને પાંખ આપવાનો અને તે દ્વારા જગતને તેના શુભ પ્રકાશથી ભરી દેવાનો હોય."

ઉપનિષદમાં નિર્દિષ્ટ અગ્નિનો સંદર્ભ આ દિવ્ય અગ્નિ સાથે અનુસંધાન ધરાવે છે. ચેતનાનો અગ્નિ, ચેતનાનો તણખો જીવનમાં પ્રસરે એટલું જ નહીં, 'દીપ સે દીપ જલે' માફક અન્યના જીવનમાં પણ એનો પ્રસાર થાય, તો આ દિવ્ય અગ્નિને સાચે જ પાંખો મળી ગણાય.

વ્યકિતમાં સુષુપ્ત પડેલા આ ચૈતન્ય-અગ્નિના તણખાને સ્પંદિત કરવાનું કામ આપણા શિક્ષકોનું પણ છે. સંત-મહાત્મા-ગુરુ પાસે તો વ્યકિત બહુ મોડો જાય છે,. જીંદગીના પાછલા પડાવે પહોંચ્યા પછી જાય છે. શિક્ષક પોતાના શિષ્ય-કે વિદ્યાર્થીમાં આ ચમત્કાર કરી શકે છે. ચૈતન્ય ઊર્જાના અગ્નિનું દિવ્ય ઝરણું સુષુપ્તાવસ્થામાંથી ગતિશીલ થાય, એ નિરંતર જીવન-પટ ઉપર વહેતું રહે એ માટે પ્રેરવાનું તથા સજ્જ કરવાનું ઘર્મકાર્ય શિક્ષકે કરવાનું રહયું.

દેશભરના વિવિધ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓએ શ્રી એ.પી.જે.અબ્દુલ કલામને પૂછેલા અનેક પ્રશ્નોના માર્મિક ઉત્તરોનો એક સંચય "ભારતીય ચેતના" નામે થયો છે. એમાં ચંદીગઢની શાળાની વિદ્યાર્થિની જ્યોતિએ કલામ સાહેબને પ્રશ્ન કરેલો: "અમારી વિનંતી છે કે આપ અમને બધાને કશોક પ્રેરણાત્મક સંદેશો આપો."

શ્રી અબ્દુલ કલામનો ઉત્તર હતો :

"મારી પાસે આપણા દેશના યુવાનોને આપવાનો સંદેશ છે-બધા જ યુવાનો પાસે અદમ્ય ચેતના હોવી જોઈએ. આ અદમ્ય ચેતનાનાં બે પાસાં છે. એક-તમારા પાસે ઘ્યેય હોવું જોઈએ અને પછી તેના માટે સખત કામ કરવાનું છે. બીજું - કામ કરતા હો, ત્યારે તમારે કેટલાક પ્રશ્નોનો જરૂર સામનો કરવો પડશે. આવા સંજોગોમાં, તમારા પ્રશ્નોને તમારા માલિક બનવા ન દેશો. તેના બદલે તમે તેના માલિક બનજો, તેને પરાજીત કરજો અને સફળ થજો... યુવાનોનાં પ્રજ્જવલિત મગજો બીજાં કોઈ પણ સંસાધન કરતાં વધારે મહાન સંસાધન છે. જ્યારે આ પ્રજ્જવલિત મગજો કામ કરે છે, અને અદમ્ય ચેતના સાથે, તો સમૃઘ્ધ, સુખી અને સલામત ભારત થવાની ખાતરી છે." અબ્દુલ કલામ યુવાનોની ભીતર જે અદમ્ય ચેતના તથા પ્રજ્જવલિત મગજો-ને ઉલ્લેખે છે, એ તત્વ ઉપનિષદ પ્રબોઘ્યા ચેતનાના અગ્નિથી જરાય ભિન્ન નથી. આ ચૈતન્ય સ્પંદનો વિસ્તાર-ચેતો વિસ્તાર- કરવાનો યુગધર્મ આપણા શિક્ષકો દ્વારા બજાવવાનો રહે છે.

તા. ૩૦ જુન, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## SMART Education Expo 2016






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સ્વર્ણ જયંતી વર્ષ, સુરત. મહાનગરપાલિકાનું સ્માર્ટ સીટી મિશન અને સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ૭૫ વર્ષની સંયુકત ઉજવણીના ભાગરૂપે તા. ૧૯ મે થી ૨૨ મી મે ૨૦૧૬ દરમ્યાન "સ્માર્ટ એજયુકેશન એક્ષ્પો"નું આયોજન યુનિવર્સિટીના કન્વેશન હોલમાં કરવામાં આવ્યું હતું.

"સ્માર્ટ એજયુકેશન એક્ષ્પો"નું ઉદ્દઘાટન યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં તા. ૧૯ મેના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચેમ્બર પ્રમુખશ્રી સી.એસ.જરીવાળા, સુરત નગરપાલિકા તથા ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના આવકાર વકતવ્યમાં જણાવ્યું હતું કે આવનારી પેઢી પાસે અત્યારે સમય છે અને વિવિધ ક્ષેત્રના અનુભવીઓ પાસે સમજણ છે એટલે સમય અને સમજણનો સુભગ સમન્વય સાધી શકાય એ આશયથી સ્માર્ટ એજયુકશન એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીનું કામ માત્ર શિક્ષણ કે ડિગ્રી આપવાનું જ નથી, પરંતુ એની સાથે આત્મવિશ્વાસ અને ભવિષ્યની તકો તેમજ પડકારો વિશે માર્ગદર્શન આપવાનું પણ છે. આપણો દેશ વિશ્વનો સૌથી યુવા દેશ છે પરંતુ એ યુવા શકિતને પ્રતિભાશાળી પણ બનાવવી પડશે. દરેક પાસે પાંચ તત્વોની બનેલી પ્રતિભા તો છે જ જયારે એમાં જ્ઞાનરૂપી છઠ્ઠા તત્વનું નિરૂપણ થાય ત્યારે જ પ્રતિભા સર્જાય છે. માત્ર સફળતાથી જ સંતોષ ન માની લેવો જોઈએ. તમારી ક્ષમતાઓનો પુરો ઉપયોગ થાય એ પણ જોવું જોઈએ. જેને માટે પરીશ્રમ જ પારસમણી છે એ જ સફળ થઈ શકે છે." કુલપતિશ્રીએ ભાગ લેનારાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ મે ના રોજ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા (શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટસના ચેરમેન અને ડાયમંડ સ્થાપિત)એ 'નેશનલ યુથ કોન્કલેવ'નું ઉદઘાટીય પ્રવચન આપ્યું હતું. તા. ૨૦ મે ના રોજ શ્રી જય વસાવડા, શ્રી આનંદકુમાર (રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગણિતશાસ્ત્રી અને સુપર ૩૦ પ્રોગ્રામના પ્રણેતા), શ્રી ઓ.પી. ચૌધરી (કલેકટર, દંતેવાડા-છત્તીસગઢઃ 'છુ લો આસમાન' ટેગલાઈનથી પ્રખ્યાત થયેલ યુવાન આઈ.એ.એસ. ઓફિસર કે જેમણે આદિવાસી વિસ્તારમાં સૌ પ્રથમ એજયુકેશન સીટીની શરૂઆત કરી હતી), શ્રી સુમૈરા અબ્દુલઅલી (રાષ્ટ્રીય ખ્યાતનામ પર્યાવરણવાદી અને એકટીવીસ્ટ તેમજ "આવાઝ ફાઉન્ડેશનના સ્થાપક), શ્રી સંગ્રામ ચૌગુલે (રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરનાર અને મિસ્ટર યુનિવર્સનો ખિતાબ જીતી ચૂકેલ બૉડી બિલ્ડર) વકતાઓ હતા.

તા. ૨૧ મે ના રોજ કાજલ ઓઝા વૈદ્યે 'નેશનલ વિમેન કોન્કલેવ'નું ઉદઘાટીય પ્રવચન આપ્યું હતું. તદપરાંત લક્ષ્મી અગ્રવાલ (એસિડ એટેક વિકટીમ-એસિડ એટેકનો ભોગ બની ચૂકેલ પિડીતા અને આ જ પ્રકારની વિકટીમ બનેલી અન્ય બહેનો માટે કામ કરતી સંસ્થા છાંવ ફાઉન્ડેશનના ડિરેકટર), અજયતા શાહ (માઈક્રો ફાયનાન્સ એન્ડ કલીન એનર્જી ડિસ્ટ્રીબ્યુશનના ક્ષેત્રમાં કામ કરતી અગ્રેસર સંસ્થા ફ્રોન્ટીયર માર્કેટસના સ્થાપક), અંજલિ ભૂષણ (બોલીવુડની જાણીતી હસ્તી અને પેપ્રિકોટ સ્કાય એન્ટરટેઈનમેન્ટ કંપનીના સંચાલિકા), પાયલ કપુર (આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ઈન્ટિરીયર ડિઝાઈનર કે જેઓએ ભારતની જાણીતી પેલેસ ઓન વ્હીલ્સ ટ્રેનની ડીઝાઈન કરી હતી), રૂબી અહલુવાલિયા (ભારતીય રેલ્વેની પશ્ચિમ રેલ્વેના નાણાંકીય સલાહકાર અને કેન્સર માટે કાર્યરત સંસ્થા સંજીવનનીના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી) વકતાઓ હતા.

તા. ૨૨ મે ના રોજ 'નેશનલ કોન્ફરન્સ ઓન સાયકોલોજી' અંતર્ગત મુખ્ય વકતા કાજલ ઓઝા વૈદ્યે "મન-માઈનસથી પ્લસ", ડૉ. હરિશ શેટ્ટી (સાઈકિયાટ્રીસ્ટ, મુંબઈ) એ "ખ્યાતનામ વ્યકિતઓમાં વધતી જતી આત્મહત્યાની ઘટનાઓની ભીતરમાં", ડૉ. દિપક જુમાની (સેકસોલોજીસ્ટ, મુંબઈ)એ "જાતીય સક્ષમતા", ડૉ. હાંસલ ભચેચ (સાઈકિયાટ્રીસ્ટ, અમદાવાદ)એ "તરૂણો સાથે વાર્તાલાપ" વિષયો પરના વકતાઓ હતા. તથા ડૉ. મુકુલ ચોકસી (સુરતના જાણીતા મનોચિકિત્સક અને સેકસોલોજીસ્ટ)એ પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિશેષ આકર્ષણ સ્વરૂપે "દૃષ્ટિ મેગા જોબ ફેર"નું આયોજન કરવામાં આવ્યું હતું.





## ઈન્ટરનેશન ડે ઓફ યોગા












યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂને "ઈન્ટરનેશન ડે ઓફ યોગા" તરીકે જાહેર કરવામાં આવેલ છે. "ઈન્ટરનેશન ડે ઓફ યોગા"ની ઉજવણી પ્રસંગે યુનિવર્સિટી સંલગ્ન સુરત શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ તેમજ શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓએ ચેમ્બર ઓફ કોમર્સના એકઝિબીશન હોલ, સરથાણા, ખજોદ ચોકડી, સુરત ખાતે સવારે ૬-૩૦ કલાકે ભાગ લીધો હતો.

## વિદાય શુભેચ્છક સમારંભ







યુનિવર્સિટી પરિવારમાંથી નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારી ભાઈ-બહેનોની સંનિષ્ઠ સેવાઓને બિરદાવવા તથા શુભેચ્છા પાઠવવા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને વિદાય શુભેચ્છા સમારંભ તા. ૨૨-૬-૨૦૧૬ના રોજ એચ.આર.ડી. વિભાગના કોન્ફરન્સ હોલમાં ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલ, ઈ.ચા. કુલસચિવશ્રી એ.વી. ધડુક, શૈક્ષણિક તથા વહીવટીય કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. વિદાય સમારંભના પ્રારંભમાં કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે યુનિવર્સિટીમાં તાજેતરમાં ઉપકુલપતિ તરીકે નિયુકત થયેલા ડૉ. ભાસ્કર રાવલનું પુષ્પગુચ્છ અને શાલ દ્વારા આવકાર આપી સ્વાગત કર્યું હતું. તા. ૧૪-૬-૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ કુલસચિવશ્રી સહિત આઠ કર્મચારી ભાઈ-બહેનો નિવૃત્ત થયેલ હતા. શુભેચ્છા સમારંભમાં ઉપસ્થિત રહેલા કર્મચારી ભાઈ-બહેનોને કુલપતિશ્રી દ્વારા પુષ્પગુચ્છ અને શાલ એનાયત કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી તથા ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. વિદાય પ્રસંગે

મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે નિવૃત્ત કર્મચારીઓ વતી શ્રી ડાહયાભાઈ પટેલે તેમને સેવાના વર્ષો દરમ્યાનના અનુભવોને તેમની માર્મિક શૈલીમાં વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગીત સાથે વિદાય શુભેચ્છા સમારંભનું સમાપન કરવામાં આવ્યું.











# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

૨૫ બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ સપ્તધારા અંતર્ગત, કલાકૌશલ્ય ધારાના નેજા હેઠળ, મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં હતું. પ્રારંભમાં આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ સપ્તધારા પ્રવૃત્તિની માહિતી આપી હતી. કલાકૌશલ્ય ધારાના કન્વીનર પ્રો. સંધ્યા વાણીએ સ્પર્ધામાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓને બીરદાવ્યા હતા. સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉન્નતી પટેલ, (ટી.વાય.બી.એસસી.), દ્વિતીય ક્રમે હેની પટેલ (એફ.વાય.બી.એસસી.) તથા તૃતીય ક્રમે પૂજા પ્રજાપતી (ટી.વાય.બી.એસસી.) વિજેતા થયા હતા. સ્પર્ધાનું આયોજન સપ્તધારા કન્વીનર ડૉ. એ.એન. સોલંકી, ડૉ. ટી.જી. ગોહિલ, ડૉ. એમ.જે. દેસાઈ, પ્રો. પ્રિતી રાણા, પ્રો હીરલ જોષી, ડૉ. એસ.એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે તમામ સ્પર્ધકોને ઈનામ અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.




આંતર કોલેજ બેડમિન્ટન ભાઈઓ અને બહેનો સ્પર્ધા ૨૦૧૫-૧૬નું આયોજન નર્મદા કોલેજ, ઝાડેશ્વર દ્વારા જી.એન.એફ.સી. સ્પોર્ટસ સેન્ટર ખાતે થયું હતું. બેડમિન્ટન ભાઈઓ સ્પર્ધાની ફાઈનલ કે.પી. કોમર્સ અને નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી સામે યોજાયેલ હતી. જેમાં સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ ચેમ્પીયનશીપ હાસલ કરી. જયારે બેડમિન્ટન બહેનો સ્પર્ધામાં રનરઅપ બની. ખેલાડીઓને કોચિંગ રમેશભાઈ નાયક અને સાવન પટેલે આપ્યું હતું.



'ભારત-ભારતી', સુરત દ્વારા ગણતંત્ર દિવસની પૂર્વસંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલે જઅને શાળાના વિદ્યાર્થીઓએ દેશના જુદા જુદા રાજયના પહરવેશ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને કવીઝ કોમ્પીટીશનમાં ભાગ લીધો હતો. જેમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જેના ભાગરૂપે તા. ૨૨ માર્ચના રોજ ભારત ભારતી સંસ્થાના

ઉપપ્રમુખશ્રી ભરતભાઈ શાહ અને સેક્રેટરીશ્રી રુદ્રનારાયણ તિવારીએ સ્પર્ધકોનું ઈનામ અને સર્ટીફિકેટ આપી સન્માન કર્યું હતું. આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલે સંસ્થા વિશે ટૂંકમાં માહિતી આપી હતી. છાંયડા સંચાલક શ્રી ભરતભાઈ શાહે વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્ર માટે જે કંઈ પણ યોગદાન આપી શકાય તે આપવા માટે આહવાન કર્યું હતું. શ્રી રુદ્રનારાયણ તિવારીજીએ વિદ્યાર્થીઓને એકબીજા પ્રાંતના સાંસ્કૃતિક મૂલ્યોનું આદાન પ્રદાન કરવા માટે ગુજારીશ કરી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની વિદ્યાર્થીસંઘની વાદ્ સમિતિ અંતર્ગત સ્વ.ચંચળબેન આશાભાઈ રાય મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધા 'ભૂલો ભલે બીજુ બધું મા-બાપને ભૂલશો નહીં' વિષય પર યોજાયેલ સ્પર્ધામાં વીસ સ્પર્ધકોએ વિચારો રજુ કર્યા. જેમાં કુ. ફોરમ રોણવેલીયા પ્રથમ, કુ. પીનલ ગઢેચા દ્વિતીય અને કુ. સાધના પાંડે તૃતીય ક્રમે વિજેતા થયાં હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પ્રા. ડૉ. મીનાક્ષી જરીવાલા તથા પ્રા. શિવાની આચાર્યએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પિનલ સંઘવી, આભારવિધિ રમીત કૌરે કરી હતી. આયોજન ડિબેટ કમિટિ ચેરમેન પ્રા. કે.સી. પટેલે કર્યું હતું. યુનિવર્સિટી સંચાલિત આંતરકોલેજ "ડી"ઝોન વોલીબોલ ભાઈઓની સ્પર્ધાનું આયોજન વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોની કુલ તેર ટીમોએ ભાગ લીધો હતો, સ્પર્ધાની ફાઈનલ કે.બી.એસ. કોલેજ, વાપી અને શાહ એન.એચ. કોમર્સ કોલેજ વચ્ચે રમાઈ હતી. કે.બી.એસ. કોલેજ, વાપી ચેમ્પિયન અને શાહ એન.એચ. કોમર્સ કોલેજ રનર્સ અપ બની હતી. સ્પર્ધાનું આયોજન અને ખેલાડીઓને માર્ગદર્શન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના નેજા હેઠળ શારીરિક શિક્ષણના પ્રા. મુકેશભાઈ પટેલે કર્યું હતું.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલત અને ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત આયોજીત આંતર કોલેજ ક્રિકેટ ભાઈઓ ટુર્નામેન્ટમાં કુલ ૧૦૭ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ, ખોલવડ (ટીમ વિશાલ) કામરેજ ચાર રસ્તાએ ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરેલ છે. સમગ્ર ટુર્નામેન્ટમાં ખોલવડ કોલેજનાં ખેલાડી શ્રી ઈસ્માઈલ કારાએ ઓલરાઉન્ડ દેખાવ કરી કોલેજને ચેમ્પિયનશીપ અપાવી હતી. આ વર્ષે જેઓની યુનિ. ક્રિકેટ ટીમના કેપ્ટન પદે પણ નિયકિત થયેલ છે.

## પરીક્ષા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એપ્રિલ ૨૦૧૫ની વાર્ષિક પરીક્ષામાં જોષી નર્મદા રામસિંહભાઈએ ટી.વાય.બીએસસી. ગણિતશાસ્ત્રમાં ૯૮.૨૦ ટકા માર્કસ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ આવી ૩ સુવર્ણચંદ્રક તેમજ એક યુનિવર્સિટી પ્રાઈઝ મેળવ્યું છે. બોટની વિષયમાં ઠાકોર મેઘા રમેશભાઈએ ૮૬.૮૨ ટકા માર્કસ મેળવી યુનિવર્સિટી રોકડ ઈનામ મેળવેલ છે. પટેલ તેજસ્વી નિતિનભાઈ એફ.વાય.બીએસસી.માં ૯૭.૩૪ ટકા માર્કસ મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ મેળવી યુનિવર્સિટી રોકડ ઈનામ મેળવેલ છે.

## વાલી-અધ્યાપક મંડળ




તા. ૧૭-૧-૧૬ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરત વાલી અધ્યાપક મંડળની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલ, મંડળના પ્રમુખશ્રી એડવોકેટ શ્રી રમેશભાઈ પટેલ, પ્રિ. શ્રી મિચલા, મંત્રીશ્રી પ્રા. અનિલભાઈ મિસ્ત્રી, રસિકભાઈ દુધાત તથા સ્ટાફ પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આચાર્યશ્રી દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દીક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને તેમના વકતવ્યમાં વાલીઅધ્યાપક મંડળના સ્થાપનાથી અત્યાર સુધીના વિકાસની જાંખી વર્ણવી હતી. સાથે સાથે આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ પ્રત્યે વાલીઓએ રાખવાની સજાગતા વિશે પણ સુચન કર્યું. પ્રિ. શ્રી મિચલાએ આધ્યાત્મીક અને ભકિતસભર વકતવ્યથી વાલીઓને પોતાના પાલ્ય પ્રત્યે જાગૃત રહેવા જણાવ્યું. રમેશભાઈ પટેલે વાલીઓને ખુલ્લા મનથી કોલેજના વિકાસમાં જોડાવા અપી કરી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રીએ મંડળને પોતાના હાલની દાનની જાહેરાત કરી. અન્ય દરેક હોદ્દેદારોએ દાન જાહેર કર્યું. મંત્રીશ્રી પ્રાધ્યાપક અનિલભાઈ મિસ્ત્રીએ પૂરા થયેલ વર્ષના અહેવાલ અને નાણાકીય હિસાબ રજુ કરેલ હતા. આચાર્યશ્રીએ નવા વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયા કરી હતી. પ્રા. એસ.ડી. પંડયાએ આભાર વિધી કરીને વંદેમાતરમ્ ગન કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

## યુવક મહોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત ૪૩મો યુવક મહોત્સવ યુનિવર્સિટી પરિસરમાં યોજાયો હતો. ૪૩માં યુવક મહોત્સવમાં એસ.વાય.બી.સી.એ.ની બરલેકર અંજનાએ શાસ્ત્રીય ગાયનમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. પ્રથમ વર્ષ એમ.એસસી.ની લુહાર શિલ્પીએ એકાંકી નાટકમાં શ્રેષ્ઠ અભિનેત્રીનું પારિતોષિક તથા એકપાત્રીય અભિનયમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કાવ્ય પઠન સ્પર્ધામાં એસ.વાય.બી.એસસી.ની મહેતા જહાનવીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. પ્રા. ડૉ. મયુરભાઈ પટેલ તથા પ્રાધ્યાપિકા અંકીતા લેનવાલાએ ટીમ મેનેજર તરીકે સેવા આપી હતી.

## માર્ગદર્શન

એમ.કોમ.ના વિદ્યાર્થીને નેટ અને જીસ્લેટ પરીક્ષા અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી પ્રા. ડૉ. મીનાક્ષી જરુવાલાએ નેટ અને જીસ્લેટ વચ્ચેની ભેદરેખા, બંનેના અભ્યાસક્રમ, પેપર્સ, તૈયારી માટેની ટીપ્સ તથા ઝીણામાં ઝીણી માહિતીઓ તથા હાલમાં આ પરીક્ષાઓ માટેની સ્થિતિ કે ફેરફારથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓએ પેટાપ્રશ્નો દ્વારા તેમની જિજ્ઞાસા સંતેષી હતી. ગ્રંથાલયમાં વસાવેલ નેટ-સ્લેટનાં પુસ્તકોનો લાભ લેવા પ્રિ. ડૉ. જે.એમ. નાયકે અનુરોધ કર્યો હતો.

## સેમિનાર

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં જે.સી.આઈ. કલબ અને કોલેજના સંયુકત ઉપક્રમે કોલેજના વુમનસેલ અંતર્ગત સેમિનારનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગુજરાત સરકાર દ્વારા બહેનો માટેની ખાસ જોગવાઈઓ, ૧૮૧, ૧૦૯૦ ની હેલ્પલાઈન અને ઉચ્ચશિક્ષણ માટે બહેનોને આપવામાં આવતી સહાય વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જે.સી.આઈ.ના હોદ્દેદારો અને મહિલા મંડળના સભ્યો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. પલ્લવીબેન પટેલ તથા આભારવિધિ પ્રા. અમિતાબેન રાઠોડે કરી હતી.

## વિદાય

એમ.કોમ.ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠલવાનો કાર્યક્રમ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે યોજાયો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આ પ્રસંગે વિદ્યાર્થીઓને અભ્યાસના વર્ષો અને જિંદગી વચ્ચે કેવા ફેરફારો થશે તથા તેમાંથી પાર ઉતરવાની ટીપ્સ આપી કઠોર પરિશ્રમ, નિયમિતતા, વાસ્તવિકતા સાથે કદમ મિલાવવાની તત્પરતા જ હવે પછીની જિંદગીમાં ટોચના ક્રમે રહેવી જોઈએ તો જ સફળ થશો એમ જણાવી વિદ્યાર્થીઓને પરીક્ષા અને જીવનની શુભેચ્છા પાઠવી હતી. પી.જી. ઈન્ચાર્જ પ્રા. આર.પી. પટેલે વિદ્યાર્થીઓને શિક્ષણ અને જ્ઞાન વચ્ચેનો ભેદ પારખી વાસ્તવિક જિંદગીમાં સફળતા માટે ગુણોથી સભર જ્ઞાન ઉપયોગી થશે. તેમ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ બદલ સંસ્થાનો આભાર વ્યકત કરી કેવળ અભ્યાસ જ નહીં પરંતુ જીવનશિક્ષણ માટેનું ભાથું અમને મળ્યું છે તેનો આનંદ છે એમ જણાવી આચાર્યશ્રી તથા પ્રોફેસર્સનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે.આર. ભાવસારે કર્યું હતું. તદ્‌પરાંત સેવકભાઈઓ શ્રી ઉત્તમભાઈ રાઠોડ, શ્રીમતી કલ્પનાબેન પટેલ, શ્રીમતી મીતા આહિર, શ્રી વિનોદ મકવાણા, શ્રી બિપીનભાઈ પટેલ, શ્રી અમરીશ પટેલ, શ્રી વિજયભાઈ હળપતિ, શ્રી ભીખુભાઈ આહિર તથા શ્રી ચેતન પટેલનું વિદ્યાર્થી સંઘના પ્રમુખ પ્રિ. ડૉ. જે.એમ.નાયકના હસ્તે મોમેન્ટો આપી સન્માન અપાયું હતું. કોલેજના સેવક ભાઈ-બહેનો કોલેજના અનેક પ્રસંગોએ મૂક સેવા આપી સુચારુ સંચાલનમાં અમૂલ્ય ફાળો આપી રહયા છે તેની કદરરૂપે તેમને આ ભેટ અપાતા સેવકભાઈઓએ આનંદની લાગણી વ્યકત કરી. સભા સંચાલન પ્રા. કે.આર. ભાવસારે કર્યું હતું.

## પુસ્તક

• શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં લાયબ્રેરી સમિતિના ઉપક્રમે પુસ્તક પરિચય હારમાળા અંતર્ગત તા. ૨૭-૨-૧૬ના રોજ લક્ષ્મી વિદ્યાપીઠ, સરીગામના આચાર્યશ્રી ડૉ. કેયુરભાઈ નાયકે શ્રી બી.એન. દસ્તૂર કૃત પુસ્તક "ગૃમીંગ યોર સેલ્ફ"નો પરિચય કરાવ્યો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પરિચયકર્તાને પુસ્તકપુષ્પથી આવકાર્યા હતા. વકતાશ્રીઓએ વિદ્યાર્થીઓ ડાયસ પર બોલાવીને વ્યકિતત્વ વિકાસ માટેની પ્રેકટીકલ ટીપ્સ આપી હતી. કાર્યક્રમનું સંચાલન લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે.આર. ભાવસારે આભારવિધિ કરી હતી. તદ્‌પરાંત કાર્યક્રમમાં ૪૩માં વકતા તરીકે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણના પ્રા. ડૉ. સંજયભાઈ શિન્દે દ્વારા ડોન મિગ્યુઅલ રુઈઝ કૃત "ધ ફોર એગ્રીમેન્ટસ" અને ડૉ. શશિકાન્ત શાહ ભાષાનુવાદિત અને સંપાદીત પુસ્તક "આનંદની ખોજ"નો શ્રોતાઓને પરિચય કરાવવામાં આવ્યો હતો. આભારવિધી અધ્યક્ષ પા. કે.આર. ભાવસારે આટોપી હતી. તા. ૧૬-૪-૧૬ના રોજ ચૂમાળીસમા વકતા તરીકે ખરોડ બી.એડ્. કોલેજના આચાર્યશ્રી ડૉ. પ્રફુલ્લસિંહ રાજ દ્વારા પૂ. મુનિ શ્રી ઉદયવલ્લભ મહારજ લિખિત પુસ્તક 'શિક્ષણની સોનોગ્રાફી" થી શ્રોતાઓને પરિચિત કરાવવામાં આવ્યા હતા. કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફના સભ્યો સાથે વલસાડના પુસ્તપ્રેમી નાગરિકોની ઉપસ્થિતિમાં પ્રા. આર.પી. પટેલે વકતાને પુસ્તકપુષ્પથી આવકાર્યા હતા. વકતાશ્રી ડૉ. રાજે આજના સાંપ્રત સમયમાં "મૂલ્ય શિક્ષણ એ જ પર્યાય છે" ને પ્રાધાન્ય આપતા પુસ્તકનો રસપ્રદ શૈલીમાં પરિચય કરાવ્યો હતો. શ્રોતાઓની ભાગીદારીમાં પ્રશ્નોત્તરીના વકતા દ્વારા જવાબ અપાયા બાદ કોલેજ લાયબ્રેરીના અધ્યક્ષ પ્રા. કે.આર. ભાવસારે આભારવિધિ આટોપી હતી તથા સમગ્ર કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન કર્યું હતું.

• બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં સપ્તધારા-જ્ઞાનધારા અંતર્ગત ગ્રંથાલય દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ અને કવીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તકોના વાચન તરફ વળે તે અંગેનું પ્રાસંગિક ઉદ્‌બોધન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે કર્યું હતું. ત્યારબાદ 'દિકરી એટલે તુલસી કયારો' અને 'એન્જોય એકઝામ' પુસ્તકો વિશે તાલીમાર્થીઓ દ્વારા વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડ દ્વારા કવીઝ કોમ્પીટીશન યોજવામાં આવી હતી જેમાં ત્રણ ટીમોએ ભાગ લીધો હતો જે પૈકી ટીમ-સી વિજેતા રહી. કાર્યક્રમનું સંચાલન પ્રા. જયેશભાઈ સોલંકી તથા સહાયક તરીકે સૌ અધ્યાપકોએ સેવા આપી હતી.

## ઈનામ વિતરણ

• શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ વિદ્યાર્થી સંઘ આયોજિત તેતાળીસમો પારિતોષિક વિતરણ સમારોહ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશભાઈ ઠાકર તથા એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સના પ્રિ. વી.ડી. નાયકના મહેમાનપદે યોજાયો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિવિધ સમિતિઓ અંતર્ગત યુનિવર્સિટી, રાજય અને રાષ્ટ્રીય લેવલે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રવૃત્તિઓની માહિતી આપી. પ્રિ. વી.ડી. નાયકે સૂક્ષ્મ વાંચન થકી વિકાસ સાધવા જણાવી અર્થસભર વાંચનએ વિદ્યાર્થીઓનો સ્વભાવિક ગુણો હોવા જોઈએ એમ જણાવ્યું હતું. ડૉ. દક્ષેશભાઈ ઠાકરે ૩૬૫ દિવસ ઉત્સવની સંકલ્પના વાળા ભારત દેશમાં પારિતોષિક સમારોહ યોજવા બાબતે પ્રતિભા મેળવી શકેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પ્રા. આર.પી. પટેલે મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે વિવિધ ફેકલ્ટીઓના ડીનશ્રીઓ, અધર ધેન ડીનશ્રીઓ તથા સિન્ડીકેટ સભ્યોનું વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના હસ્તે શાલ ગુણવંત શાહ લિખિત "બોસ" પુસ્તક અને મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે.આર. ભાવસાર તથા આભારવિધિ પ્રા. ડૉ. દક્ષા ઠાકોરે આટોપી હતી. તદ્‌પરાંત પ્રિ. ડૉ. જે.એમ નાયકની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તથા પ્રા. મુકેશ પટેલના આયોજન હેઠળ ચલાવતી જીમખાના અને એન.સી.સી. દ્વારા બહુવિધ પ્રવૃત્તિઓના વિજેતાઓને સન્માનવાનો કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પ્રા. આર.પી. પટેલનાં અધ્યક્ષપદે યોજાયો હતો. જેમાં સ્થાનિક, તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓ અને રાતોમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અર્પણ કર્યા હતા. પ્રા. મુકેશ પટેલે વાર્ષિક અહેવાલ તથા અમન ભાવસારે આભારવિધિ જયારે, પ્રા. કે.આર. ભાવસારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

• બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, રમતગમત, સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં કોલેજને ગૌરવ અપાવનારા તેજસ્વી તારલાઓને બિરદાવવા માટેનો ૫૮મો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ

યોજાઈ ગયો. જેમાં પ્રમુખ ઈન્ચાર્જ, એસ.પી. શ્રી બલરામ મીણાએ વિદ્યાર્થીઓને શિસ્ત અને સેવાનું મહત્ત્વ સમજાવ્યું હતું. અતિથિવિશેષ ડૉ. દેવાંગભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા પર ભાર મૂકયો હતો. મુખ્ય મહેમાન શ્રી દિનેશ સાકરીયાએ વિદ્યાર્થીઓને દેશસેવા કરવા જણાવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ કોલેજનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ગોલ્ડ મેડલ, ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. આભારવિધિ સાંસ્કૃતિકમંત્રી ડૉ. ટી.જી. ગોહિલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રો. એ.જે. ગોયલ, ડૉ. એસ.એમ. પટેલ, પ્રો. એમ.બી. પટેલ, ડૉ. જે.એમ. દેસાઈએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. તુષાર દેસાઈ, પ્રો. ડી.ડી. પટેલ તથા ડૉ. એન.જે. માલીએ કર્યું હતું.

૬



બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીનો પારિતોષિક વિતરણ સમારંભ ગાર્ડા કોલેજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી દારાભાઈ દેબુના અધ્યક્ષપણા હેઠળ કોલેજ પરિસર ખાતે યોજાઈ ગયો. કોલેજ ગીતથી સૌ મહેમાનો અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વગત કરતાં ઈન્ચાર્જ આચાર્યા ડૉ. દીનાબેન ચાંપાનેરીએ શૈક્ષણિક ક્ષેત્રે અને અન્ય ક્ષેત્રમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. પ્રા. કેરસીભાઈ તંબોલી, પ્રા. મુકેશભાઈ ટંડેલ, વાઈસ પ્રિન્સીપાલ મેજર પ્રા. આર.એન. ઠાકોર, પ્રા. ડૉ. સી.આર.ડે એ અનુક્રમે શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, એન.સી.સી. પ્રવૃત્તિઓ તેમજ રમતગમતની પ્રવૃત્તિઓના ઈનામોની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં સ્ટાફ પરિવારની વિશિષ્ટ સિધ્ધિઓને પણ બિરદાવવામાં આવી હતી. સમારંભના અતિથિવિશેષ પદેથી ભૂતપૂર્વ આચાર્ય ડૉ. એચ.એફ. મોગલે સંસ્થા સાથેના ઋણાનુંબંધની વાત કરી હતી. બસ અકસ્માતમાં માર્યા ગયેલા હિરેન દેસાઈના માતાએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્દબોધન કર્યું હતું. હિરેનના માતા દીપિકાબેને હિરેન ફાઉન્ડેશન પણ શરૂ કરવાની જાહેરાત કરી હતી. હિરેન વતી માતાએ સ્મૃતિચિન્હ સ્વીકાર્યું હતું. શ્રી દારાભાઈ દેબુએ હિરેન ફાઉન્ડેશનમાં ૧ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમનું સમાપન પ્રા. ડૉ. એચ.ઈ. પટેલે આભારવિધિ દ્વારા કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કીર્તિદા વૈદ્યે કર્યું હતું. વિદ્યાર્થિની શ્વેતા પટેલે ગીતો રજૂ કર્યા હતા.

૭ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૨-૩-૧૬ના રોજ સાંસ્કૃતિક, વાદ્દવિવાદ, વિદ્યાર્થી અને નાણાં કલ્યાણ, એન.એસ.એસ. સર્જનાત્મક અભિવ્યકિત ધારા, શાહ એન.એચ. ટાઈમ્સ ભીંતપત્ર વગેરે અંતર્ગત સ્થાનિક, તાલુકા તથા જીલ્લાકક્ષાએ વિદ્યાર્થીઓએ મેળવેલ વિવિધ સિદ્ધિઓને બિરદાવવા માટેનો દ્વિતિય ઈનામ વિતરણ કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ મલ્ટી મીડીયા હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ પ્રા. ડૉ. ડી.જી. ઠાકોરે શાબ્દિક આવકાર આપી વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાઓમાં મેળવેલી સિદ્ધિઓનો ટૂંકો પરિચય કરાવી વિજેતા સ્પર્ધકોને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. સ્ટાફમિત્રોના હસ્તે દાતાઓએ આપેલ દાનના વ્યાજની રકમમાંથી કુલ ચોવીસ રોકડ ઈનામોથી તથા એકસો ચાળીસ ટ્રોફીઓથી વિજતા સ્પર્ધકોને બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. ઝીલ દેસાઈ, કુ. દરક્ષા પઠાણ તથા કુ. પુનમ પાટિલે કર્યું હતું. જી.એસ. હેમાંગિની પટેલે વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવતા કોલેજના ઉત્કર્ષ માટે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

## વર્કશોપ

૧ સેબી દ્વારા તા. ૨૮-૩-૧૬ના રોજ મધ્યમ આવક વર્ગ માટે મૂડી રોકાણ આયોજન માટે વર્કશોપનું આયોજન શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે થયું હતું. જેમા સેબી સર્ટીફાઈડ ટ્રેનર પ્રા. ધીમેન જાની દ્વારા મધ્યમ આવક વર્ગ માટે નાણાકીય આયોજન શા માટે જરૂરી છે ? બચત અને મૂડી રોકાણની મૂળભૂત બાબતો નિવૃત્તિનું આયોજન, બજેટની રચના, મૂડીરોકાણ પર થતા ફૂગાવાની અસર, જોખમ અને વળતર, ચક્રવૃધ્ધિ વ્યાજ અને નાણાનું સમયમૂલ્ય, યોગ્ય મૂડી રોકાણના વિકલ્પોની પસંદગી, ભારતીય મૂડી બજારમાં રહેલા રોકાણના વિવિધ માધ્યમો, શ્રેષ્ઠ માધ્યમની પસંદગી, રક્ષણ સંબધિત માધ્યમો, ઋણ સંબધિત માધ્યમો, નાણાકીય શિક્ષણનો લાભ તેમજ રોકાણકાર રક્ષક અને ફરિયાદ નિવારણ તંત્ર વગેરે પર ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું આયોજન કરવા બદલ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રિન્સીપાલ ડૉ. જે.એમ. નાયક દ્વારા સેબી અને તેમના સ્ટીફાઈડ ટ્રેનર પ્રા. ધીમેન જાનીનો આભાર માન્યો હતો.

૨ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી તથા કે.સી.જી.ના સંયુકત ઉપક્રમે પ્રિ. એચ.એ. દેસાઈના માર્ગદર્શન તળે 'ઉદિશા' પ્રકલ્પ અંતર્ગત જીલ્લા કક્ષાનો વર્કશોપ તા. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમ્યાન યોજાઈ ગયો. જેમાં વલસાડ જીલ્લાની વિવિધ કોલેજોમાંથી કુલ ૧૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ વર્કશોપમાં શ્રી ભૌતિક શાહે "Resume Writing", શ્રી શ્યામસુંદર સિંગે ઈન્ટર્વ્યુ ટેકનિક, એટિકેટ ગ્રુમિંગ, બોડી લેંગ્વેજ, ગોલ સેટિંગ, ટાઈમ મેનેજમેન્ટ, જી.ડી., પૂનમ યાદવે પર્સનાલિટી ડેવલપમેન્ટ, પબ્લિક સ્પીકિંગ, કોન્ફીડન્સ લેવલ, જોબ પોર્ટલ ઈન ઈન્ડિયાની તાલીમ આપી હતી. ઉદિશા કલબના કો-ઓર્ડિનેટર પ્રા. ડૉ. એચ.એમ. ટંડેલ તથા પ્રા. ડૉ. આર.બી. મહેતાએ વર્કશોપની કાર્યવાહી સફળતાપૂર્વક પાર પાડી હતી. તદ્દપરાંત ઉદિશા કલબ અંતર્ગત "મિડિયા ઓરિયેન્ટેશન વર્કશોપ" તા. ૨૯-૧-૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. આચાર્યા ડૉ. એચ.એ. દેસાઈએ વિદ્યાર્થીઓ મિડિયા, જર્નાલિઝમ ક્ષેત્ર ઉજ્જવળ કારકિર્દી ઘડવા આગળ આવે તેવા ઉમદા હેતુથી આ વર્કશોપનું આયોજન કર્યું હતું. ઉદિશા કલબના કો-ઓર્ડિનેટર પ્રા. ડૉ. એચ.એમ. ટંડેલે વિદ્યાર્થીઓને તેમની રોજગારી ક્ષમતા વધારવાના ઉદ્દેશથી તથા મિડિયા ક્ષેત્રે કારકિર્દી ઘડતરની દિશામાં UDISHA કલબની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. NIMCJ ના અસિસ્ટન્ટ ડાયરેકટર પ્રા. ઈલા ગોહેલ મિડિયાએ કારકિર્દી ઘડવા માટેનું ઉત્તમ અને ઉજ્જવળ ક્ષેત્ર છે અને તેમાં ૧૦૦% રોજગારલક્ષી કોર્ષ હોઈ તેમાં કારકિર્દી બનાવવા પ્રેરણા પૂરી પાડી હતી. પ્રા. શ્રી કૌશલ ઉપાધ્યાયએ ઈલેકટ્રોનિક મિડિયા, ડિજીટલ મિડિયા, ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીના "સ્વચ્છતા અભિયાન"ના થીમ ઉપર વિદ્યાર્થીઓ દ્વારા જ સોશિયલ મેસેજ આપતી એક શોર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું હતું. જેની સ્ક્રીપ્ટ, અભિનય, વિડિયોગ્રાફી વગેરે વિદ્યાર્થીઓ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. પ્રા. શશીકાંત ભગતે પ્રિન્ટ મિડિયા, એડવર્ટાઈઝીંગ અને પબ્લિક રિલેશન, એડ ફિલ્મનો સવિસ્તાર ખ્યાલ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી, એડ ફિલ્મ, વિડિયોગ્રાફીના પ્રેકટિકલ અનુભવ લીધો હતો. પ્રા. ડૉ. આર.બી. મહેતાએ આભારવિધી કરી હતી.

## એન.એસ.એસ.

તા. ૨૪-૨-૧૬ના રોજ વલસાડ કલેકટર કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન હેઠળની એક વિડિયો કોન્ફરન્સ યોજાઈ ગઈ. આ વિડિયો કોન્ફરન્સમાં વલસાડ જિલ્લા ખાતેથી એન.એસ.એસ.નાં. ઉપક્રમે વલસાડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોર તથા પ્રો. એમ.એ. મુલ્લા હાજર રહયા હતા. તેમાં કમિશ્નરશ્રી જયંતિ રવિના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયમાં સ્વચ્છતા અંગે માઈન્ડસેટમં બદલાવ લાવવા અંગે એક અભિયાન ચલાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. એન.એસ.એસ.ના સ્ટેટ કો-ઓર્ડિનેટર પ્રો કમલકર અને.એસ.એસ. બાબતો આ સબબમાં શુ કરી શકે તે અંગે મહત્વના સૂચનો કર્યા હતા.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાના એન.એસ.એસ. યુનિટ તથા શ્રી જય જલારામ યુવક મંડળ, મોટાપોંઢાના સંયુકત ઉપક્રમે તા. ૨૫-૧-૧૬ના રોજ યોજાયેલ "બ્લડ ડોનેશન કેમ્પઃમાં ૨૫ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું તથા 'રકતદાનનું જીવનમાં મહત્ત્વ" વિષય પર વકતવ્ય યોજાયું. જેમાં કપરાડા તાલુકાના મામલતદારશ્રી કે.એન. પટેલ, નાનાપોંઢાના PSI શ્રી એ.એચ. છૈયા તથા જે.કે. મંડળ મોટાપોંઢાના પ્રમુખીશ્રી કેતનભાઈ પટેલ, ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. આર.એલ. પટેલ, ઉપસરપંચશ્રી રાકેશભાઈ પ્રજાપતિ તથા રકતદાન કેન્દ્ર વલસાડના ડૉ. અંજલિબેન રાણા, હિમાંશુભાઈ ઠકકર, મહેશભાઈ પટેલ તથા તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા કે. ગોહિલ તથા સ્વયં સેવકોની ટીમ દ્વારા આ પ્રશંસનીય કાર્ય સફળ બન્યું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. સ્વયંસેવકો તથા અન્ય વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વચ્છતા અંગેના વિવિધ સૂત્રો લખેલાં પ્લે કાર્ડ્સ અને બેનર સાથેની આ રેલી દ્વારા આંતલિયા ગામમાં તથા કોલેજ નજીકના વિસ્તારોમાં સ્વચ્છતા અંગે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા રેલીનું આયોજન-સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. વાય.જે. દેસાઈ તથા પ્રોગ્રામ ઓફિસર પ્રા. એસ.એસ. વસાવાએ કર્યું હતું.

## ઉજવણી

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૮-૩-૧૬ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોઈ એક દિવસ નહીં, પરંતુ સ્ત્રીઓ પ્રત્યે સતત સન્માનની લાગણી ભર્યો વ્યવહાર થશે તે મતલબનું જણાવી અનેક સફળ સ્ત્રીઓનાં ઉદાહરણો દ્વારા સમાજને રાહ ચીંધવા, રાષ્ટ્રને યોગ્ય સ્થાને પહોચાડવા અને કૌટુંબિક બાબતોનું યોગ્ય સંચાલન કરવાનાં સ્ત્રીઓએના પ્રદાનને અમૂલ્ય ગણાવ્યું હતું. આ પ્રસંગે કોલેજ દ્વારા કોલેજની પૂર્વ 'બેસ્ટ ગર્લ' બનનાર વિદ્યાર્થિનીઓ, કુ. શિવાની આચાર્ય, કુ. સિદ્દિકા કુરેશી, કુ. કલ્યાણી ઉપરાંત મહિલા ફેકલ્ટી મેમ્બર્સ પ્રા. ડૉ. મીનાક્ષી જરીવાલા, કુ. શિવાની આચાર્ય, ડેઈઝી ચદ્ભા તથા તમામ નોન ટીચીંગ બહેનો અને સેવિકા બહેનો હેલી ઉપાધ્યાય, શોભના પરમાર, જહાનવી દેસાઈ, બંસરી દેસાઈ, પિનલ પટેલ, પૂજા દેસાઈ, કલ્પના પટેલ, મીતા આહિર તથા જી.એસ. હેમાંગી પટેલનો તથા એથ્લેટિક ગોલ્ડ મેડલિસ્ટ હીના અન્સારીનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી ડૉ. મીનાક્ષીબેન જરીવાલાએ કર્યું હતું. વિદ્યાર્થી યુનિયનના ઉપક્રમે તેમજ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક માર્ગદર્શન હેઠળ તા. ૨૬-૨-૧૬ના રોજ યોજાયેલ આનંદમેળામાં વિવિધ વર્ગના કુલ અગિયાર ગ્રુપના વિદ્યાર્થીઓએ પોતાના સ્ટોલમાં સેન્ડવીચ, ફ્રેન્કી, ગાર્લિક બ્રેડ, પાઉંવડા, ચાટ મસાલા, કૂલ્ફી, કોકો, જેવી વાનગીઓ બનાવી હતી. જેનું કુલ વેચાણ લગભગ રૂા. ૨૨,૧૫૦નું થયું હતું. ફનફેરનું આયોજન પ્રા. કે.એચ. પુરોહિત અને પ્રા. વી.આર. ચાંપાનેરીના માર્ગદર્શન હેઠળ થયું. હતું.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૩-૩-૧૬ના રોજ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીન શ્રી ડૉ. કિશોરભાઈ નાયકનું શાલ ઓઢાડી અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનીએ આધ્યાત્મિક વિચારોની હકારાત્મક અસર અંગે પ્રવચન આપ્યું હતું. તેમજ મહેશભાઈએ માતૃભાષાનું મહત્વ અને ગૌરણ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષાનું મહત્વ અને વિરામચિહ્નોની સમજ આપતું નાટક, વકતવ્યો તથા પી.પી.ટી. રજૂ કરી હતી. તેમજ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત ભાષા સંબંધી વિવિધ પ્રકારના ચાર્ટ, ચિત્રો, પ્રોજેકટ, માટીકામ વગેરેનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. અરવિંદભાઈ વણકરે અને સંચાલન તાલીમાર્થી દવે પ્રકૃતિએ કર્યું હતું. આભારવિધિ તાલીમાર્થી પટેલ યાચનાએ કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તાલીમાર્થીઓમાં જાગૃતતા આવે તે માટે અને સરકારના બેટી બચાવો - બેટી પઢાઓ અભિયાનને વેગ મળે તે હેતુસર ઉજવણીનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વુમન સેલના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે પ્રાર્થના રજૂ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ પ્રા. પલ્લવીબેન પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કરવામાં આવ્યું હતું. દિકરીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે ઘટાડો થઈ રહયો છે ત્યારે તાલીમાર્થીઓ દ્વારા આ અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે તથા બેટી બચાવો કાર્યક્રમને વાચા આપતા નાટકો જેવાકે मुझे दीदी चाहिए, चलो उत्सव मनाये बेटी जन्म का જેવા નાટકો તાલીમાર્થીઓ દ્વારા રજૂ થયા હતા. કાર્યક્રમનું સંચાલન ગૌસ્વામી મિનાક્ષીબેને તથા આભારવિધિ પાડવી કલ્પનાબેને રજૂ કરી હતી.


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya**, Assistant Librarian

**Published by : Arvind V. Dhaduk, I/c Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com